નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ઘર પલાળે એ પ્રકારે નેવાં છે
પ્રેમ કીધો એટલે છાપરાં એવાં છે

જાતને જળ માનીને એ માંગે છે
દો સરોવર,ઝાંઝવા પણ કેવાં છે

પારધી તું જાળ ના પાથર,પાછો વળ
ધ્યાનથી જો, માટીનાં પારેવાં છે

ઓટ-ભરતી ત્યાંય નક્કી હોવાની
રણ બધાંય જો, દરિયા જેવાં છે

ઊંઘનું ખૂટલપણું સમજાયું છે
લોન પર સપનાં મળે તો લેવાં છે.

'ધૂની' માંડલિયા

પાથેય

- રમેશ ઠક્કર

લોન પર મળતાં સપનાં...

બહુમાળી છતોના જંગલો વચ્ચે જીવતી આજની પેઢી માટે નેવાં એ પરભાષાનો શબ્દ લાગે.નેવાંની છત થકી શોભતાં મકાનો ગ્રામ્ય સંસ્કૃતિને જીવંત બનાવતાં.જે મજા ગામડાના ઘરોમાં હતી એ આજના સિમેન્ટ કોંક્રિટના જંગલોમાં શોધવી મુશ્કેલ છે.નેવાં ચોમાસે ભીનાં થતાં.એ ભીનાશની સુગંધ દિવસો સુધી રહેતી.કવિ એને સરસ શબ્દોમાં આલેખે છે.છાપરાને કોઈ પ્રેમ કરે એટલે નેવાં ભિનાશ અનુભવે.આ સૌંદર્યચિત્ર માણસની લાગણી માટેની તીવ્રઝંખનાને વ્યક્ત કરે છે.

પ્રેમ માટેની માણસની તાલવેલી કેવી હોય છે ? એમાં એક તલસાટ ભરેલો હોય છે.ક્યારેક એ માઝા મૂકીને અન્યને ચાહે છે.એની ચાહત પાછળ ઝંખના રહેલી છે.એટલે જ એ જાતજાતના મનસૂબા કરતો રહે છે..ચાહત એ ભુલભુલામણી બની જાય ત્યારે પોતાની જાતને જળ માનવાની ભૂલ કરી બેસે છે.એમાંથી એ સરોવરનો? વૈભવ શોધવાનો પ્રયત્ન કરે છે.

એને મળે છે ફક્ત ઝાંઝવાં.! ભ્રમનિરસન માણસની પ્રેમ માટેની ઝંખનાને ધરાશયી કરનાર પરિબળ બની જાય છે !

શિકારની શોધમાં આમતેમ ભટકતો કોઈ પારધી જ્યારે જાળ પાથરતો હોય છે ત્યારે એના મનમાં સામે કોઈ જીવંત પદાર્થ પોતાની જાળમાં આવી જશે એવી એક ઈચ્છા રહેલી હોય છે.પરંતુ એ પામે છે શુષ્ક ચીજોને.જેમા ધબકાર જ હોતો નથી.માટીનાં પારેવાંનો શિકાર કરવાથી એને કશું જ પ્રાપ્ત થવાનું નથી.માણસના વ્યર્થ ઉધામાઓને કવિ થોડાક જ શબ્દોમાં બહુ સરસ રીતે વ્યક્ત કરે છે.જીવવું એટલે જ આમ તો માટીનાં પારેવાંનો શિકાર કરવો ! માણસની અપેક્ષાઓનું આવું બાષ્પીભવન એ જ આપણા સહુની નિયતિ બની જાય છે.

આમ જોઈએ તો રણ અને દરિયો ભલે અલગ? લાગે પણ? એ એક જ પ્રકારના સહિયારા બંધનથી જોડાયેલા છે.આપણે માટે એ અલગ છે.આજનું રણ એ ગઈકાલનો દરિયો પણ હોઈ શકે.આજનો દરિયો ક્યારેક રણ બની જાય એવું પણ બને ! ઓટ અને ભરતી માત્ર દરિયામાં જ થાય છે એવું નથી.રણમા પણ હલચલ થતી રહે છે.એમાં પણ મૃગજળોની માયાજાળ અને ભરતી ઓટ ચાલ્યા કરતી હોય છે..રણ? હોય કે? દરિયો લાગણીઓની ઉથલપાથલ સ્વરૂપે એમાં પણ ઉતાર ચઢાવ આવતા જ રહે છે.

સતત કોઈને કોઈ આશાના તાંતણે જીવતો માણસ જ્યારે પછડાટ અનુભવે છે ત્યારે એના મનમાં તીવ્ર નિરાશાના ભાવો જન્મે એ સ્વાભાવિક છે.વાસ્તવિક દુનિયામાં માણસ જ્યારે કશું પામી શકતો નથી ત્યારે એ સ્વપ્નની દુનિયામાં સરી પડે છે.એની દશા ઘરની જ્વાળાઓ જોઈ ભાગીને જંગલમાં જતા માણસ જેવી થાય છે કે જ્યાં પણ આગ લાગેલી હોય છે! માણસને ઘણીવાર ઊંઘનું વ્યર્થપણું પણ સમજાય છે.એ ક્યારેક ઉછીના સુખની કલ્પના કરે છે. સુખને પણ લોન ઉપર લેવાનો પ્રયત્ન કરે છે ! એનું ચાલે તો સપનાં પણ લોન ઉપર લેવાનું મુનાસીબ સમજે.આ કલ્પના અથવા તો? એનો ઉત્કટ ભ્રમ સ્નેહ પામવા માટેની છટપટાહટની ઝંખના બની રહે છે.

એકાકી ભીષ્મની વ્યથાને અદભૂત રીતે વ્યક્ત કરતી નવલકથા "પ્રતિશ્રુતિ"...

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

લેખક ધ્રુવ ભટ્ટ સર્જકતાના ગુલમહોર જેવા છે...એમના ચિંતન અને ભ્રમણમાંથી નવું નવું મળતું જ રહે છે..એમની નવલકથાનાં વિષયવસ્તુ અલગ જ હોય છે..એમનું ભાવવિશ્વ પોતીકું અને આગવું છે..એમની નવલકથાનાં શિર્ષક પણ ધ્યાનાકર્ષક હોય છે..."પ્રતિશ્રુતિ " એમની આવી જ એક અનોખી નવલકથા છે..

લેખકે અહીં પૌરાણિક સંદર્ભોને કથાવસ્તુ બનાવી આગવી શૈલીમાં ભીષ્મના પાત્રને જીવંત કર્યું છે.બાણશૈયા ઉપર સુતેલા ઈચ્છામૃત્યુનું વરદાન પામેલા ભીષ્મ ફ્લેશબેકમાં પોતાની જિંદગીને જુએ છે. એ લેખકની પરિકલ્પના છે..મહાભારત પ્રસંગોની ખાણ છે.અહીં લેખક એ જ પ્રસંગોને પોતાની આગવી રીતે કંડારી એક નવા અભિગમ સાથે કથા આલેખે છે..અષ્ઠ વસુની વાત અને ગંગાના આઠમા પુત્ર ભીષ્મ ..અને એમના જીવનની રોમાંચકતા અહીં સુપેરે અભિવ્યક્ત થઈ છે...

ભીષ્મ એ પરશુરામના શિષ્ય છે..સપ્તપર્ણ જેવા સાત વસુઓના સંયુકત અંશ તરીકે એ મનુષ્યાવતાર ધારણ કરે છે એવું મૌલિક કથાબીજ સમગ્ર વાતને રસપ્રદ બનાવે છે..માતા ગંગા એમને દેવવ્રત એવું અર્થગર્ભ નામ આપે છે..વનવાસી રાજા નિષાદની કન્યા મત્સ્યગંધા એટલે કે સત્યવતીની એ પિતા શાંતનુ માટે પસંદગી કરે છે...અને પોતે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કરે છે....ભીષ્મના જીવનના પ્રસંગો અત્યંત રોચક છે..લેખક એ બધા પ્રસંગો અહીં અલગથી પણ મુળ સંદર્ભોને યથાતથ જાળવી વર્ણવે છે..

કેટલીક વાતો ખુબ રસપ્રદ છે.જેમકે મત્સ્યગંધા એટલે કે સત્યવતી અને પરાશર ઋષિના પુત્ર એટલે મહાભારતના રચયિતા ભગવાન વેદ વ્યાસ..જે એક દ્વીપ પર ત્યજી દેવાયેલા હોવાથી દ્વૈપાયન તરીકે પણ ઓળખાય છે..એમણે વેદોનો વિન્યાસ કર્યો છે તેથી એ વેદવ્યાસ તરીકે પણ પ્રસિદ્ધ છે..એમના થકી હસ્તિનાપુરના વારસાદારો મેળવવા માટેની ભીષ્મની મથામણ.. એ પછી પણ એ ખોજ સતત ચાલે છે. બીજી તરફ દેવકી અને વાસુદેવનાં બાળકોને કંસથી બચાવવાની મથામણ..લેખક એક જગ્યાએ સરસ લખે છે ' સત્યવતી માતાને બેવડી ચિંતા હતી. એક તો મથુરામાં જન્મતાં બાળકોની અને બીજી હસ્તિનાપુરમાં જન્મતાં બાળકોની ". નવલકથા વિશેની સરસ? વાત લેખક તરફથી એ પ્રગટ થઈ ત્યારે થયેલી..

"ભૂતકાળ પર નજર ફેરવવાની ઈચ્છા ન હોવા છતાં, પોતાના નિર્ણયોને પકડી છેવટ સુધી ન છોડતા આ યોદ્ધા, જેનો પ્રત્યેક શબ્દ પ્રતિજ્ઞાથી જ આવરિત હોય તેવા ભીષ્મ અનિચ્છાએ પણ ભૂતકાળના સ્મરણપટ પર વિચરે છે અને....શરુ થાય છે ભયંકર અને અસહ્ય અપમાનો અને લાચારીની પરાકાષ્ઠા. ...! જે મેળવી તેમણે અનન્ય વ્યકિત તરીકે પ્રસ્થાપિત થવા અપનાવેલી અને પાળેલી પ્રતિજ્ઞાથી ! એ પ્રતિજ્ઞાના કારણે કેટલું બધું ભોગવવું પડે છે તેની દાસ્તાન સ્મૃતિપટ પર છવાય છે. પ્રતિજ્ઞાને સત્ય અર્થમાં સમજવામાં મોડું કરનાર ભીષ્મ અંતે સમજે છે કે પ્રતિજ્ઞા અને પ્રતિબદ્ધતા બંને બંધનકર્તા હતી. જે પ્રતિજ્ઞાએ તેને સ્વર્ગથી માંડીને સમગ્ર પૃથ્વી પર પ્રતિષ્ઠા અપાવી હતી, જેણે તેમને હસ્તિનાપુરનો સર્વેસર્વા બનાવ્યો હતો, તે જ પ્રતિજ્ઞાએ સમય જતાં તેમને હસ્તિનાપુરના રાજાને આશ્રયે રહેતા યોદ્ધા માત્ર બનાવી દીધા હતા. તે રાજાના માથાફરેલ અને અભિમાની કુંવરે તેમને વીર યોદ્ધા કહી સંબોધ્યા , તેમને શાં કારણે મહાલયમાં રહેવા દેવાયા છે તેનો પણ ઉલ્લેખ કર્યો તેમ છતાં તે સમયે ગાદીના ચાકર તરીકે એક હરફ-સુધ્ધાં ન ઉચારી શકયા. ભયભીત, હતાશ, નિવીર્ય અને અસમર્થ રાજવીની અનુજ્ઞામાં તેમણે પોતાના જીવનના આખરી દિવસો ઘસી નાખ્યા હતા , કારણ. ....કારણકે તે પ્રતિજ્ઞાને 'તેમની' પ્રતિજ્ઞા, તેમનો જીવનકેન્દ્ર માની બેઠા હતા !

ઘણી તકો, પ્રસંગો એવાં વીત્યા જેમાં તે વાસ્તવિકતાનો સ્વીકાર કરી પોતાની પ્રતિજ્ઞાના ભારમાંથી મુકત થઈ શકયા હોત પરંતુ, તેમની પ્રતિજ્ઞા એ જ તેમનું જીવન બની રહી , જેમાં તત્કાલીન પરિસ્થિતિઓ પણ તેમને પ્રતિજ્ઞાથી ચલિત કરી શકી નહી.

ભીષ્મ, દેવવ્રત જન્મ્યો અને સમજણો થયો ત્યારથી તેણે હમેંશા માન્યું અને જગતને પણ માનતું કર્યુ હતું કે ભીષ્મ સર્વે વાતે સમર્થ છે પરંતુ કુરુસભાનો એ પ્રસંગ...કે જયારે દ્રૌપદીએ પ્રશ્ન કર્યો.... શું હું ધર્મપૂર્વક જીતાઈ છું ? મારા પ્રશ્નનો ઉતર આપો પિતામહ ! ત્યારે આ વૃદ્ધ, પણ સમર્થ કહેવાતા ભીષ્મ પ્રત્યુતર આપતા કહે છે :-

" સૌભાગ્યવતી વહુ , ધર્મનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ હોવાથી હું તારા પ્રશ્નનો સચોટ ઉતર આપી શકતો નથી. જે પોતે સ્વામી નથી તે બીજાને દાવ પર લગાવી શકતો નથી ; પરંતુ ધર્મ એમ કહે છે કે સ્ત્રી હમેંશા પોતાના પતિને અધીન ગણાય છે. આ બધું ધ્યાનમાં લઉં તો તારા પ્રશ્નની સમીક્ષા કરવા હું સમર્થ નથી."

દ્રૌપદીને ઉતર આપતાં પોતાની જાતને અસમર્થ કઈ રીતે કહી શકયા હશે ? તે , ભરીસભામાં , સ્વંય તેમની આંખ સામે તેમની નામનાને ,તેમના શબ્દને , તેમની ક્ષત્રિયવટને , તેમના અર્થહીન વાક્યોને અને તેમના સફેદ વાળમાં પડતી ધૂળને કઈ રીતે સહી શકયા હશે !!!???? દ્રૌપદીના એક પ્રશ્નએ તેમને અનેક રીતે માત કરી દીધા હતા !

ગંગા અને શાંતનુના પરાક્રમી પુત્ર દેવવ્રતને તેનાં બુદ્ધિ અને જ્ઞાને 'મહાન' બનાવ્યો. તેની પ્રતિજ્ઞાઓએ તેને 'ભીષ્મ 'બનાવ્યો. તેના કર્મોએ તેને 'વંદનીય' ગણાવ્યો. તેની આજ્ઞાંકિતતાએ તેને વડીલોમાં 'પ્રિય' બનાવ્યો.તેના પરાક્રમોએ તેને 'અજેય' બનાવ્યો અને તેની ધર્મનિષ્ઠાએ તેને 'મહાત્મા' પણ કહાવ્યો...દ્રૌપદીના પ્રશ્નએ તેને 'ચર્ચાસ્પદ'બનાવ્યો !!

માનવઅંશ તરીકે જન્મેલા વસુએ જુદું અને અદ્વિતીય જીવન જીવવાની ઝંખનામાં ...કયારેય પણ તેને એ ન દેખાયું કે મનુષ્યો સાથે સહજ રીતે જીવવા માટે , પોતાની 'અદ્વિતીયતા' કે 'મહાનતા' દર્શાવવા કરતાં તેમના સુખદુ:ખને અનુભવવા , સમજવા તે સરળ ઉપાય છે. જીવનભર 'અજેય' અને 'અપ્રતિમ' અને 'પ્રતિજ્ઞાબદ્ધ' અને 'એકાકી' રહેલો ભીષ્મ કયારેય સહજ રીતે જીવ્યો નહીં. મુક્તિ માટેની લીલામાંથી પસાર થતાં રહીને , જીવનને "લીલા" સમજીને જીવવું તે જ તો વાસ્તવમાં સ્વર્ગ છે , સુખ હતું.....તે જ તેણે ન સ્વીકાર્યો અને જીવનભર "ભીષ્મ " અને "પ્રતિજ્ઞાબદ્ધ" રહ્યો. પ્રતિજ્ઞાબદ્ધ રહી અપ્રાકૃતિક બની પ્રકૃતિની અવગણના કરી. ભીષ્મએ પોતાની જાતને સત્યાર્થમાં મનુષ્ય ગણી હોત તો જરુર બધું સ્વીકારીને પણ બધાથી મુકત રહી શકયા હોત."

સમગ્ર નવલકથા પૌરાણિક પાત્રોની મનોરમ સૃષ્ટિ અને લેખકની આગવી દ્રષ્ટિ વચ્ચે વાચકને સતત તલ્લીન રાખે છે..પોતાની જિંદગીની વિડંબણા,નિયતિ અને આજીવન બ્રહ્મચારી રહેવા માટે માતાને આપેલી પ્રતિજ્ઞા...હસ્તિનાપુરની ગાદી માટેની વફાદારી..પોતાની નજર સામે ભરતકુળના વંશવેલાને સતત ચાલુ રાખવાની મથામણ.. અજેય ભીષ્મના જીવનની કરૂણતા અને વિષાદને લેખક બખૂબી પ્રગટ કરે છે..મહાભારતનું ભયાનક યુધ્ધ..પોતાના જ અંશ અર્જુનને થકી બાણશૈયામાં પોઢેલા ભીષ્મ. કૃષ્ણ વાસુદેવ પાસે જીવનનું સમાધાન શોધતા વયોવૃદ્ધ ભીષ્મ... એક અનોખી સૃષ્ટિમાં લેખક આપણને લઈ જાય છે...

"પ્રતિશ્રુતિ " ધ્રુવ ભટ્ટ ની એક એવી નવલકથા છે જે મહાનાયક ભીષ્મને એક આગવા અને અલગ અંદાજમાં શબ્દદેહ આપે છે..એ પોતાની પ્રતિજ્ઞાને સત્ય કરતા એક યોધ્ધાની ભીષ્મ સ્તુતિ છે...નિરાંતે વાંચવા જેવી નવલકથા....

સાપ્તાહિક રાશિફળ (તા. ૧૨-૦૩-૨૩ થી ૧૮-૦૩-૨૩) સુધી

જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ તંદુરસ્તી મધ્યમ રહેએશે. મસ્તક પીડા અનુભવાય. કૌટુંબિક દૃષ્ટિએ પારિવારિક જવાબદારી વધે. ભાઈ-ભાંડુની જવાબદારી આવે. મકાનવાહન સંપત્તિના પ્રશ્નો. દાંપત્ય જીવનમાં વિખવાદ લાવે. માતાના માથે ભાર. ભાગ્યોદય થાય. વ્યવસાયમાં લાભ મળે. જાહેર જીવનમાં યશ મળે. આકસ્મિક લાભ. સાહિત્ય લેખનમાં, શુભસમય, સ્ત્રી વર્ગ માટે સામાન્ય, નોકરીયાત માટે પ્રમોશન લાભ મળે. વિદ્યાર્થી માટે પ્રગતિ ધીમી બને. પરિણઆમ વિલંબથી મળે.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહ આરોગ્યમાં રાહત, આનંદ પ્રાપ્ત થાય. આર્થિક દૃષ્ટિએ ફાયદો પ્રાપ્ત થાય. રોકાયેલા નાણાં પરત મળશે. કૌટુંબિક દૃષ્ટિએ સાચવવાનું રહેશે. સ્થાવર - જંગમ મિલકતની દૃષ્ટિએ ફેરફાર થવાની શક્યતા છે. રોકાણ કરવું હિતાવહ, સંતાનની દૃષ્ટિએ તકનો લાભ ચૂકશો નહિ. વિદ્યાર્થીઓ માટે કાળજી બહુ લેવી પડે. નોકરિયાત માટે થોભો અને રાહ જુઓ. સ્ત્રી વર્ગ માટે તબિયત નરમ ગરમ રહે. ખોટો ખર્ચ થાય.

૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)

આ સપ્તાહ શરીરમાં પિત્તનું પ્રમાણ વધે નહી તે જોવું. આર્થિક દૃષ્ટિએ સમય નાણાં અપાવે, લાભ પ્રાપ્ત થવાની શરુઆત થાય. કુટુંબના સભ્યોને રાહત મળતી જણાશે. સંતાનના પ્રશ્ને રાહત રહેશે. દાંપત્ય જીવન સુખમય પસાર થાય. ધંધા-વ્યવસાયમાં લાભની શરુઆત થશે. સપ્તાહના અંતે આકસ્મિક લાભ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ માટે ધ્યેય નક્કી કરી આગળ વધવું. પરિણામ મળે. નોકરિયાત માટે નાણાંકીય ફાયદો જૂના નાણાં મળે.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આરોગ્ય સુખાકારી સાચી રહેસે. કૌટુંબિક પ્રશ્નો માથું ઊચકે. કોઈ પણ કામમાં મુશ્કેલી અને વિઘ્નો આવે. ધાર્યું કામ થતું નથી. નકારાત્મક વિચારો આળે. ધંધા-વ્યવસાયમાં નવું નાણાંકીય આયોજન ન કરવું. નાની યાત્રાઓ થાય. સ્થાવર - જંગદમ મિલકતમાં થોભો અને રાહ જુઓ. વ્યય થશે. સ્ત્રી વર્ગ માટે શુભ સમય. વિદ્યાર્થીઓ માટે મૌખિક પરીક્ષામાં કાળજી લેવી. ઉચ્ચ અભ્યાસમાં ગાફેલ ન રહેવું. નોકરિયાત માટે બદલીની શક્યતા રહે.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આરોગ્યની દૃષ્ટિએ, વાયુ-પિત્તની તકલીફ થઈ શકે. આર્થિક બાબતે નાણાંકીય જવાબદારી વધે. તંગી થાય. સ્થાવર - જંગમ મિલકત બાબતે સાચવેત રહેવું. ભાગીદારી ન કરવી. નાની યાત્રાઓ થાય. સંતાન સુખ પ્રાપ્ત થાય. દાંપત્યજીવનના પ્રશ્નો ઉકલે. ધંધા માટે નવું આયોજન થાય. જો કે ભાગીદારી ન કરવી. વિદ્યાર્થીઓ માટે ધાર્યુ પરિણામ મળે. નોકરિયાતમ માટે નાણાંકીય લાભમાં વધારો થાય. આકસ્મિક લાભ થાય. ભાગ્યનો સાથ મળતો જણાય.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ આપે આરોગ્ય જાળવવું પડશે. કાળજી લેવી પડશે. કૌટુંબિક પ્રશ્નોને કારણે સંબંધો વણશે. તમારા સાથીદારો તમારાથી નારાજ રહેશે. જાતે વિચારીને આયોજન કરવું. માનસિક ખેંચતાણ રહે. દાંપત્ય જીવનમાં ખુશીઓ પ્રાપ્ત થાય. પિતાની સેવા કરવી. ખર્ચ થાય. શેરમાર્કેટમાં આયોજન થઈ શકે. ધંધા વ્યવસાયમાં જુસ્સાથી આગળ વધી શકો. નવા કામ થાય. વિદ્યાર્થીઓ એ ગેરમાર્ગે ન દોરાવુ. નોકરીમાં શુભ. સ્ત્રી વર્ગ માટે કરકસર કરવી.

૭. તુલા રાશિ (ર.ત.)

આ સપ્તાહ તંદુરસ્તી સાચી રહેશે. સાત્ત્વિક ભોજન લેવું. કૌટુંબિક રીતે સૌ સાથ આપી મદદરુપ થાય. હળીમળીને રહેવું. હાડકાના પ્રશ્નો ઊભા થાય. મોસાળથી લાભ. ધંધા વ્યવસાયમાં નવા આયોજન લાભ પ્રદ રહે. મકાન - વાહન સંપત્તિ અંગે વિચારીને આગળ વધવું. સમય સાનુકૂળ નથી. દાંપત્યજીવનનમાં વિવાદ ન કરવો. અવિવાહીતો માટે વિવાહનો યોગ છે. વિદ્યાર્થીઓ માટે કઠીન સમય. નોકરીયાતને બઢતી -બદલી થાય.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ દરમિયાન આપને વાયુ પ્રકૃતિ પ્રકોપ થઈ શકે છે. કાળજી લેવી. આર્થિક દૃષ્ટિએ લાભદાયક સમય છે. સંતાન અંગે પ્રશ્નો સતાવે. મકાન, વાહન કે સ્થાયી સંપત્તિ અંગે સોદા થઈ શકે જે લાભદાયક રહે. ધંધા વ્યવસાયમાં પ્રગતિ જણાય. નોકરીયાત માટે સમય ચેતવણીરુપ છે. સાવચેત રહેવું. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસમાં પરિણામ પ્રાપ્ત થાય. સ્ત્રી વર્ગ માટે સમય સાનુકૂળ છે. આયોજીત કાર્યો કરવા.

૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)

શરીરમાં મેદનું પ્રમાણ વધે તો કાળજી લેવી. આર્થિક દૃષ્ટિએ નાણાંની તંત્રી ન પડે. આવકના સ્રોત ઊભા થાય. સ્થાયી સંપત્તિમાં નવી સંપત્તિ ખરીદી શકાય અને જૂની સંપત્તિમાં ફેરફાર થઈ શકે. ધંધા વ્યવસાયમાં નવી ખરીદી ચકાસીને કરવી. ભાઈ-ભાંડુઓનો સહકાર મળે. કૌટુંબિક વાતાવરણ સારું રહે. નોકરિયાત માટે બઢતી - બદલી થઈ શકે. વિદ્યાર્થી માટે પ્રારંભિક કક્ષા માટે ધાર્યુ પરિણામ મળે. નવા એડમિશન મળે.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ સપ્તાહ આપને માટે તંદુરસ્તીમય પસાર થાય. આર્થિક દૃષ્ટિએ આવક - જાવક સરખા પ્રમાણમાં રહે. કુટુંબીજનો સાથે આનંદથી સમય પસાર કરવો. સ્થાવર-જંગમ મિલકત અંગે સમય સાનુકૂળ છે. જર-ઝવેરાત ખરીદીથી ફાયદો થાય. સંતાનના વિદ્યાભ્યાસ અંગે ધ્યાન આપવુ પડશે. દાંપત્યજીવનમાં નજદીકતા વધે. મિત્રવર્ગથી સાનુકૂળતા ઓછી. જાવકમાં વધારો થાય. મકાન-વાહન ખરીદી શકાય. નોકરિયાત માટે ઈચ્છા મુજબ પરિવર્તન થઈ શકે.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)

આ સપ્તાહ આપને માટે સિઝનલ રોગ મુશ્કેલી ઊભી કરે. વેપાર, ધંધામાં લાભ મળશે.સ્થાવર - જંગમ મિલકત નવી ખરીદી કરી શકો. કૌટુંબિક દૃષ્ટિએ પરેશાની વધે જેથી વાતાવરણ કલહમય ન બને તે જોવું. સંતાનનો સહકાર રહેશે. શેરમાર્કેટમાં નવા આયોજન ન કરવા. દાંપત્યજીવન સામાન્ય રહે. ભાગ્ય વૃદ્ધિમાં ઉણપ. નોકરિયાત માટે અણધાર્યો લાભ પ્રાપ્ત થાય. સ્ત્રીઓ માટે નવું સાહસ કરવાની પ્રેરણા મળે.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)

આ સપ્તાહ આરોગ્યની સુખાકારી માટે ખોરાકમાં ધ્યાન આપવું. આર્થિક દૃષ્ટિએ જોઈ - વિચારી આગળ વધવું. ઉતાવળ ન કરવી. ધંધા વ્યવસાયમાં સારો સમય આવી રહ્યો છે. ભાગીદારીથી દૂર રહેવું. મકાન, વાહન, સંપત્તિ અંગે નવા આયોજનો કરી શકાય. દાંપત્યજીવન સુખાકારી વધે. સંતાનના અભ્યાસ અંગે ધ્યાન આપવું. સંતાનના વિવાહ-લગ્ન અંગે વિચારી શકાય. વિદ્યાર્થીઓ માટે ધાર્યુ પરિણામ પ્રાપ્ત થાય. નોકરિયાત વર્ગ માટે પ્રમોશન મળે પણ વતનથી દૂર જવું પડે. સ્ત્રી વર્ગ માટે વાણી પર સંયમ રાખવો જરૂરી.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

આ સપ્તાહના તહેવારો

તા. ૧૨-૦૩-૨૩ રંગ પંચમી
તા. ૧૫-૦૩-૨૩ કાલાષ્ટમી
તા. ૧૮-૦૩-૨૩ પાય મોચિની એકાદશી

મોટીવેશનલ સ્પીકર આયેશા ચૌધરી-અમર્યાદિત શક્તિઓ ધરાવતો આત્મા

ઉજળો વારસો
સતીષ ચારણ
sscharan_aaa@yahoo.co.in

મોટીવેશનલ સ્પીકર આયેશા ચૌધરી કે જે એક યુવા ભારતીય લેખિકા અને પ્રેરક વક્તા હતી. જેનો જન્મ નવી દિલ્હીમાં ૨૭મી માર્ચ,૧૯૯૬ ના રોજ સીવીયર કમ્બાઇન્ડ ઇમ્યુનોડેફિસીયન્સીના ગંભીર રોગ સાથે થયો હતો, જે સંભવિત ઘાતક રોગ ગણાય છે અને તેને લીધે બાળપણથી તેની તબિયત ખરાબ રહેતી હતી અને સમય જતાં પલ્મોનરી ફાઇબ્રોસિસના કારણે તેની રોગપ્રતિકારક શક્તિ ઓછી થતાં શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી જેને લીધે તેણીનું બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ માત્ર છ મહિનાની હતી ત્યારે કરવું પડ્યું હતું. તેના ફેફ્સાંની ક્ષમતા માત્ર ૩૫% હતી અને પરિણામે, તેણીને ચાલવામાં અને દાદર ચઢવા-ઉતરવામાં મુશ્કેલી પડતી હતી. નાનું મોટું વજન ઉચક્વા અને થોડું ચાલે તો પણ થાકી જતી. હરવા ફરવા માટે વ્હિલચેરનો ઉપયોગ કરવો પડતો હતો પણ માનવી પાસે માત્ર શરીર અને તેની મર્યાદાઓ જ નથી હોતી પરંતુ સાથે અમર્યાદિત શક્તિઓ ધરાવતો આત્મા પણ છે જે આયેશાનું મુખ્ય બળ બન્યું. તેનું આત્મબળ તેના કાર્યમાં પુરક બળ બન્યું. તેની માતા અદિતિ ચૌધરીએ એક ઇન્ટરવ્યુંમાં જણાવેલ કે 'તેણીએ જેટલું વધુ સહન કર્યું તેટલી તે વધુ દૃઢ બની ગઇ હતી. તેની અમોને એક દિવસ ખોટ તો પડવાની જ છે. પણ અમારી પાસે કદાચ વર્ષો નહીં હોય પરંતુ અમે દરેક ક્ષણનો લાભ લઈને તેને ખુશ રાખીશું '.

અને ભક્ત કવિ સુરદાસના ભજનની એક પંક્તિ " જા કી કૃપા પંગુ દિરિ લંઘે, અંધે કો સબ કુછ દરસાઇ" આયેશાએ ઇશ્વરકૃપાથી જીવનને સફળ કરી બતાવ્યું. દિલ્હીની અમેરિકન એમ્બેસી સ્કૂલની વિદ્યાર્થિની આયેશા કિશોરાવસ્થામાં જ પ્રખ્યાત પ્રેરક વક્તા અને લેખક બની હતી.

હેન્રી ડેવિડ થોરો ' વાલ્ડેન' તળાવને કિનારે ઝૂંપડી બાંધી બે વર્ષ જેટલો સમય એકાંતમાં રહી જે વિચારો અને અનુભવોનો સાર એટલે યુવાનોને જીવનના રણક્ષેત્રમાં જઇ સતત સારૂ કરવા અનેતે દ્વારા વિકસતા રહેવાની શીખ. આવી જ પરિપક્વતા આયેશામાં હતી. તેની વાતોમાં ફક્ત ને ફક્ત આશાવાદ જ પ્રસ્તુત થતો હતો અને અશક્યને પણ શક્ય બનાવવાની ક્ષમતા તેનામાં હતી. તે કહેતી હતી કે " મુશ્કેલીના સમયમાં ખુશ રહેવું એ મારા માટે ખરેખર મહત્વનું છે." પેઈન્ટીંગ અને લેખન એ આઈશાના જીવનમાં બે શોખ હતા જે તેણે તેના આવી ગંભીર બિમારીના દિવસોમાં અને પથારીવશ હતી ત્યારે વિકસિત કરેલા.

જ્યારે તે વાતો કરે ત્યારે તે ખૂબ જ સ્વસ્થ દેખાતી હતી પણ હકિકતમાં તે બીમાર હતી. ૧૫ વર્ષની ઉંમરથી પોર્ટેબલ ઓક્સિજનનો ઉપયોગ કરતી હતી. ડોક્ટરોએ ચેતવણી આપી હતી કે જો તેને શ્વસન માર્ગમાં ચેપ લાગશે તો તેના માટે જીવવું મુશ્કેલ બની જશે. પણ આયેશને જીવનમાં બિમારીનો ક્યારેય ડર નહોતો લાગ્યો. તેણીએ ગમે તેવા મુશ્કેલ સંજોગોમાં પણ કેમ કરી આગળ આવવું તેવી પોતાની વાતો લોકો સુધી પહોંચાડવા આખી દુનિયાનો પ્રવાસ કર્યો.

ચીની કહેવત છે કે: " ગાઢ અંધકારને ગાળો દેવા કરતાં, એક મીણબત્તી પેટાવવી સારી".

આયેશાનું જીવન સામાન્ય કિશોરી જેવું નહોતું અને તેની ઉંમર પણ વધારે નહોતી છતાં પણ તેણીએ અઢાર વર્ષના ટૂંકી જીવન સફરમાં મૃત્યુ, ભય-ગુસ્સો, પ્રેમ-નફરત, સુખ-દુ:ખ જેવી જીંદગીની તમામ લાગણીઓનો અનુભવ કરેલ. આ લાગણીઓએ તેનામાં જીવન જીવવાનો હેતું અને નવી આશાઓનો સંચાર કર્યો. જ્યારે તે પથારીવશ હતી, ત્યારે તેની માતાએ તેને હ્યુ પ્રેથરનું એક પુસ્તક 'નોટ્સ ટુ માયસેલ્ફ' આપ્યું. તે વાંચી આયેશાએ પોતાનું પુસ્તક લખવાનું નક્કી કર્યું. તેના જીવનની લાગણી અને અનુભવો આવી મુશ્કેલીમાંથી પસાર થઇ રહેલા લોકોને ઉપયોગી થાય તે હેતુંથી પોતાના વિચારો લખવાનું શરૂ કર્યું. જે 'માય લિટલ એપિફેનીસ' માં વર્ણવ્યા છે. જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં તેના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું તેના ગણતરીના કલાકોમાં ૨૪ મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ તેણીએ અંતિમ શ્વાસ લીધા.

સંપૂર્ણ જીવન જીવવામાં માનતી આયેશાના વાસ્તવિક જીવનની વાર્તા પર આધારિત 'ધ સ્કાય ઇઝ પીંક ' સોનાલી બોઝના નેજા હેઠળ બની છે જેમાં ફરહાન અખ્તર, પ્રિયંકા ચોપરા, ઝાયરા વસીમ અને રોહિત સરાફે અભિનય કરેલ છે. ઝાયરા વસીમે આયેશાની ભુમિકા ભજવી છે.

(મો.)૯૪૨૮૨ ૧૯૦૩૧